ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ
બોર્ડ નિગમ વિસ્તાર, સેક્ટર-૧૦(એ), ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર -. ૨૩૨૫૦૨૯૪ - ૪૪૯૨૭ - ૫૦૩૩૦
ફેક્સઃ (૦૭૯)-૨૩૨૫૦૨૮૦ - ૪૪૯૨૬
E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in

ક્રમાંકઃ- મફબ/અકડ/ચુ-૯/મનપા ઓક્ટ્રોય/જાન્યુઆરી-૧૯/૨૦૧૮-૧૯/2295 તા. 7 FEB 2019

**વંચાણે લીધા :-**

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૪/૧૧/૦૭ના ઠરાવ ક્રમાંક:-બીજીટી/૮૦૨૦૦૭/૩૯૪૦/પી.

૨. ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના તા. ૨૧-૦૫-૧૮, ૩૧-૦૫-૧૮, ૨૨-૦૬-૧૮, ૧૮-૦૮-૧૮, ૦૧-૦૯-૧૮, ૨૮-૦૯-૧૮, ૦૫-૧૧-૧૮, ૨૯-૧૧-૧૮ અને ૨૬-૧૨-૧૮ના દફતરી હુકમ ક્રમાંક મફબ/અકડ/ચુ-૯/મહા.ન.પા.ઓક્ટ્રોય/એપ્રિલ થી ડીસેમ્બર ૨૦૧૮

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૩૦/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: બજટ-૮૦૨૦૧૭/૭૪૩૪-પી.

**દફતરી હુકમ :-**

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપર્યુકત વંચાણે લીધેલ ક્રમ-૧ના તા.૧૪/૧૧/૦૭ના ઠરાવથી ૭ મહાનગરપાલિકાઓને ઓકટ્રોય નાબુદ થતાં તેના વળતર પેટે એડહોક ગ્રાંટ ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. ત્યારબાદ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના તા.૧૬/૩/૨૦૧૦ ના જાહેરનામાથી થતા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનનો પણ આ હેતુસર સમાવેશ કરવામાં આવેલ છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧/૪/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : નપલ /૪૫૨૦૧૬/૫૨૦૭/મથી રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને વર્ષ ૨૦૧૪-૧૫માં ઓક્ટ્રોય વળતર માટે જે ગ્રાંટ ફાળવવામાં આવતી હતી તેમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૦ ટકા વધારો કરવાનો નિર્ણય કરેલ છે.

વર્ષ ૨૦૧૮-૧૯ માં મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન(ગ્રાંટ) હેઠળ કુલ રૂ.૨૩૩૭૧૮.૧૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જે પૈકી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના વંચાણે લીધેલ ક્રમ ૨ પરના દફતરી હુકમથી રાજ્યની મહાનગરપાલિકાઓને વર્ષ ૨૦૧૮-૧૯ માં અપ્રિલ ૨૦૧૮ થી ડીસેમ્બર ૨૦૧૮ સુધીમાં કુલ રૂ!. ૧૭૫૨૯૦.૦૦ લાખની ચુકવણી કરવામાં આવેલ છે

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૩ના તા.૩૦/૦૧/૨૦૧૯ના ઠરાવથી રાજ્યની ૮ મહાનગરપાલિકાઓને જાન્યુઆરી-૨૦૧૯ના માસ માટે ગ્રાંટ નિયત ટકાવારી મુજબની રકમ ચુકવવા મુજબ નિર્દિષ્ટ શરતોએ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મૂકેલ છે. સદરહુ ગ્રાંટ જાન્યુઆરી ૨૦૧૯ના માસ માટે કુલ **રૂ!. ૧૯૪,૭૬,૫૫,૦૦૦/- (અંકે રૂપિયા એકસો ચોરાણુ કરોડ છોતેર લાખ પંચાવન હજાર પુરા)** નીચે દર્શાવ્યા મુજબ ચુકવવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | મહાનગરપાલીકાનું નામ | મળવાપાત્ર રકમ રૂ!. |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮૭,૧૫,૦૪,૬૪૭ |
| ૨ | સુરત | ૬૦,૨૧,૬૪,૪૯૧ |
| ૩ | વડોદરા | ૨૬,૮૦,૧૯,૮૬૧ |
| ૪ | રાજકોટ | ૧૧,૧૭,૮૪,૯૬૭ |
| ૫ | જામનગર | ૩,૦૪,૭૬,૮૦૭ |
| ૬ | ભાવનગર | ૩,૧૯,૦૭,૧૨૭ |
| ૭ | જૂનાગઢ | ૧,૯૦,૩૪,૨૫૦ |
| ૮ | ગાંધીનગર | ૧,૨૭,૬૨,૮૫૦ |
| | કુલ | ૧૯૪,૭૬,૫૫,૦૦૦ |

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૮/૦૪/૨૦૧૭ ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન મહાનગરપાલિકાઓએ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે. અન્ય કોઇ હેતુ માટે ખર્ચ કરી શકશે નહિ.

મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન યોજના હેઠળ અત્રેના બોર્ડને હવાલે મુકેલ ગ્રાંટની રકમ **રૂ!. ૧૯૪,૭૬,૫૫,૦૦૦/- (અંકે રૂપિયા એકસો ચોરાણુ કરોડ છોતેર લાખ પંચાવન હજાર પુરા)** માંથી ઉધારવાનો રહેશે.

**(બી.આી.પટણી)**
**અધિક કમિશ્નર**
**મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન**
**અને હોદ્દાની રૂએ CEO, GMFB**

**પ્રતિ,**
**મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,**
**અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ.**

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, માન.મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.

(૨) માન. અધ્યક્ષશ્રીના અંગત મદદનીશશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર તરફ માન. અધ્યક્ષશ્રીના માયાળુ ધ્યાને મુકવા સારૂ.

(૩) કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન, બ્લોક નં ૧, ગ્રાઉન્ડ ફ્લોર, બી-૧ વીંગ, કર્મયોગી ભવન, સેકટર - ૧૦, ગાંધીનગર

(૪) નાયબ સચિવશ્રી (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) નાયબ સચિવશ્રી (બજેટ) (શ.વિ.) શ.વિ.અને શ.ગૃ. નિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ

(૭) સહાયક નિરીક્ષક સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ, સુરત,વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ,ભાવનગર, અને ગાંધીનગર.

(૮) નાયબ નિયામકશ્રી (નાણાં), ગુ. મ્યુ. ફા. બોર્ડ, ગાંધીનગર તરફ... ઉપર હુકમમાં દર્શાવેલ **રૂ!. ૧૯૪,૭૬,૫૫,૦૦૦/- (અંકે રૂપિયા એકસો ચોરાણુ કરોડ છોતેર લાખ પંચાવન હજાર પુરા)**ની રકમ મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશ્નરશ્રી સંબંધિત મહાનગરપાલિકાઓને કરવાની સારૂ.

(૯) સીલેકટ ફાઇલ.